દુષ્કાળ પડે તો પીવાના પાણીની સંભવિત સમસ્યાનો હલ અમે વિચારી લીધો છે - મિનરલ વોટરની મલ્ટીનેશનલ કંપની સાથે વાટાઘાટો શરૂ કરી દીધી છે !

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૭

રાંધેજા વિભાગ વ્યાયામ મંડળ દ્વારા તાજેતરમાં કબડ્ડી સ્પર્ધા મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીપળજ મુકામે યોજવામાં આવી હતી. જેમાં અંડર-૧૪ અને અંડર-૧૬ -૧૭ના જૂથમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાની ટીમ ઉત્કૃષ્ટ દેખાવ કરી ચેમ્પિયન બની હતી.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના બાળ વિભાગ અંડર-૧૪માં કેવલ પટેલ, વાસુદેવ મોરી, મહેશ વાઘેલા, જીગર દરજી, સાગર, હરેશ સોલંકી, ધાર્મિક સોની, પ્રિયાંશુ પટેલ, જીલ રાઠવા અને વિશાલ પટેલની ટીમે તથા અંડર-૧૬ અને ૧૭ની ટીમમાં જય પટેલ, સમ્યક પટેલ, પાર્થ પટેલ, મીત પટેલ, રાઘવ ચૌધરી, હર્ષ પટેલ, સંકેત પટેલ, પ્રજ્ઞેશ કોટડિયા, ઋષિ ઠાકર, પિયુષ ચૌહાણ, નીલ માધવ પટેલ અને નિકુંજ રામાણીએ સુંદર પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું. કબડ્ડીની ટીનમાં શાળાના ચેમ્પિયન વિદ્યાર્થીઓને ટ્રસ્ટી ભરતકુમાર હુમર, હર્ષદભાઈ પટેલ તેમજ આચાર્ય ભરતસિંહ રાઠોડે અભિનંદન પાઠવ્યા હતા.

ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા બહેનો માટે નારી ઉત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના ઉદ્‌ગમ ટ્રસ્ટ અને અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘ દ્વારા તા. ૩જી ઓગષ્ટથી ૫ મી ઓગષ્ટ-૨૦૧૨ સુધી ગાંધીનગરના સેક્ટર-૧૨, બલરામ ભવન ખાતે નારી ઉત્સવ યોજાશે.

નારી ઉત્સવમાં ગાંધીનગરની બહેનોના સ્વાસ્થ્ય, જીવન ધોરણ, માનસિક અને સુંદરતા અંગેના વિવિધ પરિસંવાદ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન તા. ૩ થી ૪ ઓગષ્ટ દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિષય નિષ્ણાંતો સાથે બહેનોના પ્રશ્નોની વિસ્તૃત છણાવટ કરવામાં આવશે. તા. ૩ જી ઓગષ્ટે વન મિનિટ, આરતી સુશોભન અને એકપાત્રીય અભિનય, તા. ૪ થી ઓગષ્ટે સંગીત ખુરશી, મહેંદી હરિફાઈ અને શીઘ્ર લેખન સ્પર્ધા તથા ૫ મી ઓગષ્ટે રસોઈ, ચિત્ર અને રંગોળી સ્પર્ધા બપોરે ૧ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે. ૫ મી ઓગષ્ટે ૬ થી ૧૫ વર્ષના બાળકો માટે ચિત્ર સ્પર્ધા પણ યોજાશે.

ગાંધીનગર નારી ઉત્સવમાં ભાગ લેવા માટેના ફોર્મ હંસાબેન જોશી પ્લોટ નં. ૬૬૬/૧, સેક્ટર-૭-બી, મંદાબેન ધોળકિયા પ્લોટ નં. ૮૭૭, સેક્ટર-૨૯, મંજુબેન ભલગામી પ્લોટ નં. ૭૦, સેક્ટર-૩૦, નારી સંરક્ષણ ગૃહ, વિશ્વકર્મા મંદિર સામે, સેક્ટર-૧૨, ફોન નં. ૨૩૨-૨૩૪૭૯ પરથી મેળવી શકાશે. આ અંગેના ફોર્મ **www.udgam.org** પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

દલપત ચૌહાણની શશવા સૂરજની આજે ચર્ચા

ગાંધીનગર, તા. ૨૮

દલિત સાહિત્ય અને કલાના ભાવકોના માસિક મિલનમાં અગ્રણી દલિત સાહિત્યકાર દલપત ચૌહાણની નવલકથા 'શશવા સૂરજ' હર્ષદભાઈ પરમારનું વકતવ્ય તા. ૨૯મી જુલાઈના રોજ ડૉ. બાબસાહેબ આંબેડકર હોલમાં સાંજે ૫.૦૦ કલાકે યોજાશે. ચંદુ મહેરીયાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

આલમપુર આદર્શ વિદ્યાલયમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

આલમપુર આદર્શ વિદ્યાલય તરફથી વાલીઓનું સંમેલન રાખવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓ વાલીઓને, શિક્ષણ પધ્ધતિમાં થયેલ પ્રવર્તમાન ફેરફારો, નવી પરીક્ષા પધ્ધતિ અને શાળાના વાર્ષિક આયોજનની રૂપરેખા આપવામાં આવી. વાલીઓને શિક્ષણ પ્રત્યે અભિરૂચિ જાગે તે માટે ચર્ચા કરવામાં આવી.

સંસ્કાર ગ્રૂપ દ્વારા પર્યાવરણ પરીક્ષા અને પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સંસ્કાર ગ્રૂપ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તુષાર દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સંસ્કાર ગ્રૂપના બાળકો, યુવાનો માટે આગામી સમયમાં પર્યાવરણલક્ષી પરીક્ષા અને પ્રવાસ યોજાશે. સંસ્કાર ગ્રૂપ સાથે ગાંધીનગર નેચર ક્લબ પણ ચાલે છે. તેના દ્વારા આગામી સમયમાં વિવિધ સ્થળોની મુલાકાત સાથેનો પ્રવાસ અને યુવાનો, બાળકોને લગતી પર્યાવરણ વિષયક પરીક્ષા યોજાશે. ગ્રૂપના સભ્યો અને પર્યાવરણમાં રસ ધરાવતા બાળકોએ આ સંદર્ભે આજે તા. ૨૯મી જુલાઈએ સાંજે ૫.૧૫ થી ૬.૨૦ દરમિયાન સેક્ટર-૭ બગીચો સુવિધા કચેરી પાસે હાજર રહેવુ. આ અંગેની વધુ વિગતો મો. નં. ૯૨૭૫૧ ૫૩૮૦૪ પરથી મળી શકશે.

વહાણવટી વિદ્યાલયમાં રાખડી હરિફાઈ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

વહાણવટી વિદ્યાલય ગાંધીનગરમાં રક્ષાબંધન પર્વ નિમિતે રાખડી હરિફાઈનું આયોજન કરવામાં આવેલ છે. ૨૫ બાળકોએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે રમીલાબેન પરમાર, મેઘાબેન પાટકર હતા. અજય મહેન્દ્રસિંહ બિહોલા, ગજેન્દ્રભાઈ આર. બિહોલા પ્રાથમિક વિભાગ તથા અંકિત બી રાઠોડ, વિજય મહેન્દ્રસિંહ બિહોલા માધ્યમિકમાં વિજેતા બન્યા હતા.

વહાણવટી પ્રાથમિક શાળા અન્ડર-૧૪ ખોખોમાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૮

વહાણવટી પ્રાથમિક શાળાએ ગાંધીનગર પૂર્વ વિભાગના વ્યાયામ મંડળ દ્વારા વિવિધ રમતોત્સવમાં ભાગ લીધો હતો. જેમાં અન્ડર-૧૪ ખોખોની રમતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. વ્યાયામ શિક્ષક મનીષભાઈ પ્રજાપતિ તથા આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના હિનાબેન શુકલ નિવૃત્તિ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના મદદનીશ શિક્ષિકા શ્રીમતી હિનાબેન શુકલ શાળાના પ્રથમ શિક્ષિકાની સ્વૈચ્છિક નિવૃત્તિ પ્રસંગે યોજાયલ શુભેચ્છા સમારંભમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના મંત્રી શંકરભાઈ ચૌધરી, આચાર્યા સંતોકબેન ચૌધરી, સુપરવાઈઝર સુલભાબેન દલાલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ હતા.

આદર્શ નિવાસી અ.જા. કુમાર શાળામાં વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં સેકટર-૮માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કુમાર શાળામાં તાજેતરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આમંત્રિત મહેમાનોએ તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આ પ્રસંગે વિવિધ જાતિના છોડવાઓને શાળાના પટાંગણમાં વાવ્યા હતા અને તેને ઉછેરવાની નેમ લીધી હતી.

અનુસૂચિત જાતિ કલ્યાણના સંયુકત નિયામક એચ.જી. દેસાઈ, જિ.પ.વ.ક. અન્તાવબેન અને સમાજકલ્યાણ અધિકારી મનસુરીએ વૃક્ષારોપણના કાર્યક્રમમાં હાજરી આપી હતી. વિશ્વમાં આજે જયારે ઋતુચક્ર ખોરવાયું છે ત્યારે વૃક્ષોની ઉપયોગિતા વિશે વિશદ્ છણાવટ કરી સંયુકત નિયામક એચ.જી. દેસાઈએ શાળાના વિદ્યાર્થીઓને વધુમાં વધુ વૃક્ષો વાવી તેના જતન માટે અપીલ કરી હતી. જિ.પ.વ.ક. અન્તાવબહેને પણ પ્રદુષિત થયેલા પર્યાવરણની શુદ્ધિ માટે વૃક્ષો જ માત્ર વિકલ્પ હોવાનું જણાવ્યું હતું.

આમંત્રિત અધિકારીઓએ શાળાના પ્રાંગણમાં ગુલમહોર, લીમડો, બોરસલ્લી તથા સેવિ જેવા વિવિધ છોડ વાવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉપયોગી વિવિધ વૃક્ષોની જાત વાવી હતી જે દરેક વિદ્યાર્થી જૂથને દત્તક આપી તેને ઉછેરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા એમ.જે. કટારા તથા શાળાના વોર્ડન જી.આઈ. પરમારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન જી.સી. વૈદ્ય તથા આયોજન એસ.કે. પરમાર તથા ડી.એ. પટેલે કર્યું હતું. આભારવિધિ આર.પી. જોષીએ કરી હતી.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં ગેસ વપરાશ અને બચત અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૨-એની સામેના ઈન્ફોસીટી કોમ્પ્લેક્ષમાં આવેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં તાજેતરમાં એલ.પી.જી. કંપનીના અધિકારીઓ સાથેનો વિદ્યાર્થીઓને ગેસ વપરાશ અને બચત કરવા અંગેની માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

એલ.પી.જી. કંપનીના મેનેજર ડી. રોય ચૌધરીના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓને ગેસ અંગે ખૂબ જ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. કંપનીના આસીસ્ટન્ટ મેનેજર સી.આર. રોહિતે ગેસ કેવી રીતે વાપરવો, અકસ્માતથી કેવી રીતે બચવું, સલામતી અને ગેસની બચત અંગે વિગતવાર માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી ગેસ અંગે માહિતી મેળવી હતી. હાર્દિક ગેસ એજન્સીના માલિક કપિલદેવ રાવલ, હાર્દિક રાવલ અને અમીબેન રાવલના સૌજન્યથી શાળામાં યોજાયેલો કાર્યક્રમ ખૂબ રસપ્રદ અને માહિતીપ્રદ રહ્યો હતો.

આ પ્રસંગે શાળાના આચાર્ય પ્રદીપ ગગલાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. મહેમાનોના પરિચય આપી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષક તુષારકુમાર પરમારે કર્યું હતું.

જ્ઞાનદીપ હાઈસ્કૂલ ચાંદખેડા હૉકી ટુનામેન્ટમાં ચૅમ્પિયન

ટીમ ત્રણે વિભાગમાં ચૅમ્પિયન બની

ગાંધીનગર, તા. ૨૭

શાળાકીય રમતોત્સવ ૨૦૧૨-૧૩ હૉકી અન્ડર-૧૯ અને અન્ડર-૧૭ નવી રમત જવાહરલાલ નહેરૂ અન્ડર-૧૭ ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

આ સ્પર્ધામાં જ્ઞાનદીપ હિન્દી હાઈસ્કૂલ ઓ.એન.જી.સી. કોલોની ચાંદખેડાની ટીમે ત્રણે વિભાગમાં ચૅમ્પિયન બની હતી. જીતીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. દરેક ખેલાડીઓને શાળાનાં ટ્રસ્ટીશ્રી ધર્મરાજ ઉપાધ્યાય આચાર્યશ્રી એ.એસ. પાંડેય, શાળાના સમગ્ર પરિવારે અભિનંદન પાઠવેલ છે. ટીમોમાં કોચ તરીકે શ્રી સતીષ પાંડેય અને વ્યાયામ શિક્ષક શ્રી ભરતભાઈ પટેલે માર્ગદર્શન આપેલ હતું.

શિવજી ધર્મ પર સવાર થઈને આ જગતનું શાસન કરે છે

શિવમહિમ્નસ્તોત્રના આઠમા શ્લોકની સમજણ આપતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે ભગવાન શિવજીમાં નિર્ગુણ અને સગુણ સ્વરૂપ વિશે આપણે અત્યાર સુધી વિચાર કર્યો. હવે શિવજીનાં પુરાણ પ્રસિધ્ધ અર્વાચિન અવતાર કે જેનું વર્ણન પુરાણોમાં કરવામાં આવેલ છે તેના વિશે વિચાર કરીએ. ઉત્તમોત્તમ પદાર્થોનું વરદાન આપનાર હે શંકર! આપ નંદી પર સવારી કરો છો, હાથમાં કુહાડી રાખો છો, મૃગચર્મ ધારણ કરેલ છે, શરીર પર ભસ્મ ચોળેલ છે, શણગારમાં થોડા સર્પો છે અને હાથમાં ખોપરી છે. પરંતુ હે જગતનિયંતા! આટલી ઓછી સામગ્રી આપની દરિદ્રતા સૂચવતી નથી. પરંતુ આપની અસંગતા દર્શાવે છે. કારણ કે સમસ્ત દેવતાઓ અને સુકૃત જનોની અવર્ણનીય અને અલૌકિક સમૃદ્ધિ આપના એક કૃપાકટાક્ષમાત્રથી તેઓને પ્રાપ્ત થઈ છે. આપ અનોખા દાતા છો, તેથી પોતાના માટે કાંઈ રાખતા નથી અને આપ તો હંમેશા પોતાના સ્વરૂપમાં જ સ્થિત છો, તેથી હે શિવ! આપને વિષયોની મૃગતૃષ્ણા સહેજ પણ આકર્ષિત કરી શકતી નથી. તો ભ્રમિત કરવાનો તો પ્રશ્ન જ ક્યાંથી હોય?

પૂ. ગુરૂમાએ શિવજીના સ્વરૂપના વર્ણનમાં જે બાબતો દર્શાવી છે તેની વિસ્તૃત સમજ આપી.

નંદીજી ધર્મનું પ્રતીક છે. શિવજી ધર્મ પર સવાર થઈને આ જગતનું શાસન કરે છે. તપ, સત્ય, શૌર્ય અને દયા ધર્મના ચાર પાયા છે. જે શિવજીના શાસનના આધારસ્તંભોને દર્શાવે છે. બીજી દૃષ્ટિથી જોઈએ તો નંદી અહંકારનું પ્રતીક છે. જે વ્યક્તિ અહંકાર પર સવારી કરી તેને નિયંત્રણમાં રાખે છે. બીજું સાધન છે ખટવાંગ - એવી લાકડી જેની એક બાજુ ખોપરી ધારણ કરેલી છે. દંડ એ શાસનનું પ્રતીક છે. જીવ જેવાં કર્મો કરે છે તેને અનુરૂપ ફળ ઈશ્વર તેને આપે છે. શિવજી નિષ્પક્ષ શાસક છે, જે દરેકને સમદૃષ્ટિથી જોઈ તેને કર્મફળ પ્રદાન કરે છે. ત્રીજું સાધન પરશુ છે, જે ભગવાનનાં શરણે આવી તેમની આજ્ઞા મુજબ કર્મો કરનારના સંસાર દુખોનું છેદન કરે છે. આવા ભગવતપરાયણ ભક્તને પાછી સંસારની માયાજાળ ફસાવતી નથી. શિવજી આવા ભક્તનેત અસંગતા, અનાસક્તિ, વૈરાગ્યનું જ્ઞાન આપી તેને સંસાર બંધનમાંથી મુક્ત કરે છે.

ચોથું વ્યાઘ્રચર્મ છે, જે આસુરી વૃત્તિનું ઉપલક્ષણ છે. ભક્તોના અંતરની આસુરી વૃત્તિને ભગવાન ગ્રહણ કરી તેના અંતરને શુદ્ધ કરે છે. ભક્તિ એવી રીતે કરવાની છે કે મારા અંતરના સર્વ ભાવો ઈશ્વર સાથે જોડાઈ જાય. પાંચમું સાધન છે ભસ્મ. શિવસ્વરૂપના અસંત આત્મતત્ત્વનાં તેજથી મારી અજ્ઞાન વાસના બળીને ભસ્મ થઈ જાય છે. આ ભસ્મ માટે 'બૃહદજાબાલ'માં પાંચ શબ્દો છે :

૧) વિભૂતિ (ઐશ્વર્ય) : સમસ્ત બ્રહ્માંડનું ઐશ્વર્ય શિવજીનાં ચરણોમાં આળોટે છે.

૨) ભસિત (પ્રકાશન) : સમસ્ત જગતનું પ્રકાશન શિવ થકી છે.

૩) ભસ્મ (રાખ) : મારા સચ્ચિદાનંદ સ્વરૂપ સામે અજ્ઞાન જગત રાખ થઈ ગયેલ છે.

૪) ક્ષાર : જે હંમેશા વિપત્તિને દૂર રાખે છે.

૫) રક્ષા : જે હંમેશા ભક્તનું રક્ષણ કરે છે.

છઠ્ઠું સાધન છે સર્પો. પ્રભુ વિષને વશમાં રાખનાર છે. જીવ માટે વિષયોજ વિષ છે, જે જીવને હણી લે છે. વિષ કરતાં પણ વિષય બળવાન છે. વિષને ગ્રહણ કરવાથી હનન થાય, જ્યારે વિષયોનું તો દર્શન જ હનન કરનાર છે. શિવજી આ વિષયોથીત અસંગ છે, તેથી સર્પો તેઓને કંઈ હાનિ કરી શકતા નથી. હળાહળ વિષ પી જનાર શિવજીની શોભા તે બની ગયા છે. આવા અલૌકિક સૌંદર્યના સ્વામી શિવજીને મારા અનંત કોટિ નમસ્કાર છે.

સોજા હાઈસ્કૂલના શિક્ષકની ભારત વિભૂષણ પુરસ્કાર માટે પસંદગી

ગાંધીનગર, તા.૨૭

સૌલેયાના વતની અને શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ગણિત શિક્ષક રાકેશભાઈ હીરાભાઈ પ્રજાપતિ ભારત વિભૂષણથી સન્માન પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે.

શ્રેષ્ઠ શિક્ષક તરીકે બુલેટ એવોર્ડ સતત ત્રણવાર મેળવનાર સારસ્વતશ્રી રાકેશ પ્રજાપતિને જૂન માસમાં લાઈફ ટાઈમ સોશ્યલ ડેવલપમેન્ટ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમાજ સેવા શિક્ષણ અને આરોગ્ય જાગૃતિક્ષેત્રે, વિશિષ્ટ યોગદાન આપનાર રાહી શિક્ષણવિદ્ સાહિત્ય રસિક લેખક વિશ્લેષક, સંપાદ, સમાજ સેવક અને પત્રકાર તરીકે સવિશેષ સેવાની સુવાસ પ્રસરાવી રહ્યા છે. ભારત વિભૂષણનો વિશેષ સન્માન પુરસ્કાર આગામી તા. ૨૭મી ઓગસ્ટ, નવી દિલ્હીમાં એનાયત કરવામાં આવશે.

રાષ્ટ્રીય સ્તરના બે-બે સન્માનીય પુરસ્કાર હસ્તગત કરીને રાહી પ્રજાપતિએ સોજા હાઈસ્કુલ, સૌલેયા ગામનું પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારેલ છે.

અનાદિકાળથી તમારો આત્મા સુષુપ્ત અવસ્થામાં છે, એને જગાડો

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

અનંત ઉપકારી, પરમકૃપાળુ પરમાત્માએ જગતના કલ્યાણ માટે ધર્મ પ્રવચન દ્વારા આ જગત ઉપર ઉપકારની વર્ષા કરી છે. પરમાત્માએ ઘોર કષ્ટ સહન કરીને ઉપસર્ગો સમાધિપૂર્વક સહન કરીને મહાન તપસ્યા કરીને સંપૂર્ણ કર્મો ક્ષય કરીને પૂર્મતા મેળવી છે. જગતના કલ્યાણ માટે ઉપદેશ આપીને સૌથી મહાન ઉપકાર કર્યો છે. પ્રવચન દ્વારા જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું છે. પ્રવચન પોતે એક પ્રકાશ છે તેમણે આપીને રસ્તો બતાવ્યો છે. એ જીવનના પરિવર્તન માટે છે કે જે ભવિષ્યમાં આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરાવી આપે છે. જેમણે આ પ્રવચનનું પાન કર્યું છે એ લોકો પુણ્યશાળી છે. ચોર પણ શાહૂકાર બની શકે છે. એ માત્ર પ્રવચનને કારણે, એવી પરમાત્માની મંગળ વાણી અત્યારે ચાલી રહી છે. એમાં સૌથી મહત્ત્વપૂર્ણ પ્રવચન આજનું છે, જેનો વિષય છે : સ્વયં પરનું શાસન.



પ્રવચનના આહારથી આપણી અંદરની ચેતના જગાડવાની છે. અનાદિકાળથી તમારો આત્મા સુષુપ્ત અવસ્થામાં છે, એને જગાડો. બધી જગ્યાએ મારો દબદબો હોય, મારો અધિકાર હોય એવો આગ્રહ ન રાખો. તમારી ઈન્દ્રિયો ઉપર તમારી સત્તા નથી ચાલતી. એની ગુલામીમાં તમારું જીવન પસાર થઈ જાય છે. તમારી જાત ઉપર તમારી સત્તા છે કે નહિ તે પહેલાં વિચારો. સ્વયં ઉપર સ્વયં અનુશાસન કરો. તમારી ઉપર તમારું નિયંત્રણ હોવું જોઈએ. નવી નક્કોર ગાડી હોય પણ જો બ્રેક ન હોય તો બધું નકામું છે. બધું હોય પણ જો તમારી ઈન્દ્રિયો ઉપર તમારું નિયંત્રણ નહીં હોય તો જીવન વ્યર્થ છે. તમારા આત્મા ઉપર પહેલા અધિકાર પ્રાપ્ત કરો જે સંસારનું સૌથી દુષ્કર કર્મ છે.

મન ઉપર તમારો કોઈ અધિકાર રહ્યો નથી. મનના પાગલપણામાં આયુષ્ય વહી જાય છે. સર્વનાશ તરફ જાવ છો, આ બધી આત્માની બીમારી છે જેનો પરમાત્માએ ઉપચાર બતાવ્યો છે. આ રોગમાંથી કેવી રીતે મુક્ત થવું એનો ઉપાય પરમાત્માએ બતાવ્યો છે. પરમાત્માએ સત્યાવીસ ભવમાં મુક્તિ મેળવી હતી. આપણે કેટલા ભવ કરીશું પછી મુક્તિ મળશે એ નક્કી નથી. ભવિષ્યની કલ્પનામાં રચ્યા પચ્યા રહેશો તો કિનારો જ પ્રાપ્ત થશે, આગળ નહી વધી શકો. સંયમ દ્વારા, અનુશાસન દ્વારા પરમાત્માએ માર્ગ બતાવ્યો છે. આજ સુધી ઈન્દ્રીયોના વિષયોમાં રચ્યા પચ્યા રહીને સંસાર વધારવાનું કામ કર્યું છે. એક એક ઈન્દ્રીયો ઉપર પહેલા તમારો અધિકાર સ્થાપો. અનુશાસન વગર આરોગ્ય નહી મળે. વાસ્તવિક જીવનમાં ડોક્ટર પાસે જવું પડે તો તમે એના બધા બંધનો સ્વીકાર કરો છો. પરમાત્માના વચનોને તમારા આચરણ દ્વારા અમલમાં મૂકીને સ્વીકાર કરો. એનું પરિપૂર્ણ પાલન કરો. પ્રત્યાખ્યાન, પ્રતિજ્ઞા આત્મસાક્ષીએ લો, સાવધાન રહો, નિયમોનું નિષ્ઠાપૂર્વક પરિપૂર્ણ પાલન કરો. પરમાત્માની આજ્ઞા સમજીને પ્રત્યાખ્યાન કરો. લીધેલો નિયમ સારી રીતે પાળો. એ તમારા જીવનને સુરક્ષિતતા બક્ષે છે. કઈ પણ કાર્ય કરતી વખતે પરમાત્માની આજ્ઞા પહેલા ધ્યાનમાં લો. પરમાત્માની આજ્ઞા શિરોધાર્ય કરો. જો પરમાત્માની આજ્ઞાની વિરાધના થશે તો સંસાર તમારા સ્વાગત માટે તૈયાર જ છે. જગતના સર્વોચ્ચ વિજેતા એવા પરમાત્માની આજ્ઞાનો અસ્વીકાર કરશો તો તમને સજા મળ્યા વગર રહેશે નહી. મૃત્યુનું વિસર્જન કરવું હોય તો પરમાત્માની આજ્ઞા માનવી પડશે. એમ ન થઈ શકે તો એને માટે અંતરમાં દર્દ હોવું જોઈએ. પરમાત્માને પ્રાર્થના કરો કે તેમની આજ્ઞાનું પાલન મારા જીવનમાં થઈ શકતું નથી. તે માટે અંદરથી પશ્ચાતાપની આગ ઉત્પન્ન થવી જોઈએ. પાંચે ઈન્દ્રીયો ઉપર તમારૂ અનુશાસન સૌથી પહેલા હોવું જોઈએ. આંખ, કાન અને જીભ બહુ ખતરનાક છે. એમાં ય જીભ સૌથી વધારે ખતરનાક છે. એ વચન અને આહાર દ્વારા કર્મબંધ કરાવે છે. અભક્ષ્ય ખાવ છો તે બંધ કરીને કર્મનો સપ્લાય બંધ કરો. તમારા શુભ વિચારોથી આવું થઈ શકશે. મનમાં જે વિચારો ઉત્પન્ન થાય છે તે જ વિચારો મોક્ષનું દ્વાર પણ ખોલી આપે છે. મનમાં ખરાબ અને અશુભ વિચારો દુર્ગતિ પ્રાપ્ત કરાવી આપે છે. મનને સ્થિર કરવા માટે સૌથી પહેલાં તમારી ઈન્દ્રીયો ઉપર તમારો અધિકાર પ્રાપ્ત કરો. પરમાત્માના પ્રવચનના શ્રવણ દ્વારા એ શક્ય બની શકે છે. તમારી સંકુચિત દૃષ્ટિ મુજબ પ્રવચનનો અર્થ ન કાઢો. પરમાત્માની વાણીમાં ક્યાંય સમજ ન પડે તો ગીતાર્થ ગુરૂનો સહારો લો. તમે ક્ષણે ક્ષણે આંખથી જૂઓ છો, પરંતુ હવે નિર્મળ દૃષ્ટિથી જૂઓ. એ નાથી વિકારો નાશ પામશે. પરમાત્માના જ્ઞાન ચક્ષુથી દુનિયાને જૂઓ. વ્રતના પાલનમાં દૃઢ ભાવના રાખો. એવું થશે તો ઈન્દ્રીયો ઉપર વિજય પ્રાપ્ત થઈ શકશે. પર સ્ત્રી માટે માતૃ દૃષ્ટિની ભાવના રાખો. મા શબ્દ સ્વયં એક મંત્ર છે. એ વાત્સલ્યથી ભરપૂર છે. એનાથી આંખમાં વિકાર નહી આવી શકે. આદર્શ વ્યક્તિઓ, મહાન વિભૂતિઓના જીવન ચરિત્ર તમારા બાળકોને બાળપણથી જ વંચાવો. આજના આધુનિક શિક્ષણે તમારૂ મન બદલી નાંખ્યું છે. મંદિર જવાની ભાવના નષ્ટ કરી નાંખી છે, તમારી સમગ્ર વિચારધારા બદલી નાંખી છે. આપણા પૂર્વજોએ બહુ સમજી વિચારીને વેશભૂષા નક્કી કરી હતી જે આપણા દેશના હવામાનને અનુકૂળ હતી. પેન્ટ, શર્ટ, ટાઈ એ બધી પશ્ચિમની દેન છે. પૂજાના વસ્ત્રો પહેરીને મંદિર જાવ તો તે સમયે તમારા મનમાં વિકારની ઉત્પત્તિ ઓછી થતી હોય છે. સાધુને માટે તો એના વસ્ત્ર જ એના ચોકીદાર છે. સાધુના વસ્ત્ર સંયમ જીવનના રક્ષણમાં બહુ ઉપયોગી થાય છે. જ્યારે જ્યારે દૃષ્ટિમાં વિકાર આવે ત્યારે મા નો વિચાર કરજો. વિકાર ચાલી જશે. ખરાબ સાંભળશો નહી, ખરાબ બોલશો નહી, ખરાબ જોશો પણ નહી. સારા ભોજન કરતાં તમને બીજાની નિંદામાં વધારે આનંદ આવતો હોય છે. કોઈ બીજો વ્યક્તિ તમારા ઘર પાસે કચરો નાંખી જાય તો તમને ગુસ્સો આવે છે. પણ જે તમારા મનમાં આખી દુનિયાનો કચરો ઠાલવે છે તેની તમે બહુ સારી રીતે સરભરા કરો છો. પર નિંદાનું શ્રવણ તમારા વિચારોને દૂષિત કરે છે. એના બદલે પ્રવચન સાંભળવાનું રાખો. જીવ કર્મને આધિન છે એમ પરમાત્માએ કહ્યું છે. કોઈનું દુઃખ દૂર કરવાની ભાવના રાખો. તમારા બોલવા અને ખાવા ઉપર નિયંત્રણ રાખો. તમારે ભક્ષ અને અભક્ષ બધું ચાલે એવું ન હોવું જોઈએ. સ્વાદ વૃત્તિ છોડવા જેવી છે. તમારૂ ખાન પાન બગડી ગયું છે માટે સૌથી વધારે હોસ્પિટલો અત્યારે જોવા મળે છે. પહેલા તમારો આહાર શુદ્ધ કરો.